# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-04-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ઇલેકટ્રીક વાહન- ટેક્સ છૂટ

**રાજ્ય સરકારે ઇલેકટ્રીક વાહનને પ્રોત્સાહન આપવા માટે 31 માર્ચ, 2026 સુધી સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક વાહનો પર 5% ટેક્સ છૂટની જાહેરાત કરી છે. આ જાહેરાત સાથે હવે ટેક્સ દર ઘટીને માત્ર 1% થઈ ગયો છે. નાગરિકો હવે વાહન ચાર પોઇન્ટ શુન્ય પોર્ટલ દ્વારા તેમનાં ઇલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને એનો સીધો લાભ મેળવી શકે છે. ઈલેક્ટ્રિક વ્હીકલ પરનો 6 ટકા ટેક્સ હવેથી 1 ટકા લેખે જ વસૂલવા આદેશ જારી કર્યો છે, જેને પગલે હવેથી ઈલેક્ટ્રિક વ્હીકલ પર 1 ટકા લેખે જ આરટીઓનો વ્હીકલ ટેક્સ વસૂલવામાં આવશે. આ જાહેરાતના પગલે ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ફરી વધારો થશે એવી શક્યતા છે..**

**ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે વર્ષ 2025-26ના બજેટમાં આ ટેક્સ ઘટાડા અંગે જાહેરાત કરી હતી, જેને હવે લાગુ કરવામાં આવી છે.**

**------------------------------------------------------------------------------------**

## અબડાસા- લોક સુનાવણી

અબડાસા તાલુકામાં રેલવેની નલિયાથી વાયોર અને જખૌ સુધીની બ્રોડગેજ લાઈન પછી આવતી જમીનના સંપાદનની કામગીરી રેલવે દ્વારા કરાઇ રહી છે, જેની લોક સુનાવણી અબડાસા પ્રાંત કચેરી ખાતે ગઇકાલે યોજાઇ હતી. પ્રાંત અધિકારી કે.જે. વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયેલી લોક સુનાવણીમાં કિસાનઓએ જમીન કપાત સહિતના સવાલો કર્યા હતા. પ્રાંત અધિકારીએ લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા અને વિવિધ પ્રશ્નો અને વાંધાઓ રજૂ કરવા કિસાનોને સમજાવ્યા હતા.

.

---

## વિશ્વ ધરોહર ધોળાવીરા ડિજિટાઇઝેશન

વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરા અને લોથલ ખાતે હજારોની માત્રામાં મળેલી તે સમયની સામગ્રીનું ડિજિટાઇઝેશન થઇ ગયું છે, જેને ઓનલાઇન જોઈ શકાશે. ભારત સરકારે 2007માં રાષ્ટ્રીય સ્મારકો અને પ્રાચીન વસ્તુઓ પરનું અભિયાન શરૂ કર્યું હતું. જેથી સ્મારકો, સ્થળો અને પ્રાચીન વસ્તુઓનું વ્યવસ્થિત રીતે દસ્તાવેજીકરણ અને ડિજિટાઇઝેશન કરી શકાય. અત્યાર સુધી 12 લાખ 34 હજાર 937 પ્રાચીન વસ્તુઓનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 11 હજાર 406 સ્થળો અને સ્મારકોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં ગુજરાતમાંથી ધોળાવીરા અને લોથલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધોળાવીરામાંથી મળેલી 34 હજાર 781 જેટલી પ્રાચીન સામગ્રીનું અને લોથલ મ્યુઝિયમની કુલ 718 વસ્તુઓનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે.

---

## ગુજરાત જાહેર સેવા આયોગ- પરીક્ષા

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-1, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-1 અને 2 તથા ગુજરાત પાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-2ની પ્રિલિમિનરી પરીક્ષા તા.20/04, રવિવારના ભુજના 9 કેન્દ્રો પર યોજાનારી હોઇ પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા પ્રતિબંધાત્મનક હુકમો જારી કરાયા છે. નિવાસી અધિક કલેક્ટર ડી.પી.ચૌહાણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-163 અન્વયે જાહેરનામું બહાર પાડી ભુજના 9 પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડિંગની 100 મીટર ત્રિજ્યાના વિસ્તારમાં રવિવારના સવારના 6થી સાંજના 6 સુધી 5 કરતા વધારે લોકોએ એકઠા ન થવા, સરઘસો ન કાઢવા, ઝેરોક્ષ મશીન ન ચલાવવા સહિતના હુકમ કર્યા છે.

---

## હવામાન

કચ્છ જિલ્લામાં ભીષણ ગરમીએ જનજીવનને ભારે અસર પહોંચાડી છે. ભુજ શહેરમાં તાપમાનનો પારો સતત **40** ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાઈ રહ્યો છે.

જિલ્લાના પૂર્વ વિભાગમાં સ્થિત કંડલા એરપોર્ટ પર ગુરુવારે તાપમાન **44.6** ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. આની સીધી અસર અંજાર, વરસામેડી અને ગળપાદર સહિતના આસપાસના વિસ્તારોમાં જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લામાં હજુ બે દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. પશ્ચિમી પવનોના કારણે જિલ્લાવાસીઓને લૂનો સામનો કરવો પડી રહ્યો છે.

---------------------------------------------------------------------------------

## ગરમીથી ચામડીના રોગો વધ્યા

કચ્છમાં ચાલુ મહિનાના આરંભથી જ કાળઝાળ ગરમી અનુભવાઇ રહી છે જેના પગલે ભુજની જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ચામડીના રોગથી પીડિત દર્દીની સંખ્યામાં વધારો થયો છે. હોસ્પિટલના સ્કિન વિભાગના ડો.જૂઈ શાહે જણાવ્યું કે અંગ દઝાડતી ગરમી અને સૂર્યના સખત તાપમાં ખીલ, લાલ ત્વચા અને ત્વચાના રંગમાં પરિવર્તન જેવા રોગ સહજ બની જાય છે. દાદરના રોગના દર્દીઓ વધુ જોવા મળેછે. રોજ **40**થી **50** જેટલા દર્દીઓ સારવાર લેતા હોય છે. ત્વચાના રક્ષણ ચામડી વિભાગના ડોકટરોએ કહ્યું કે, દરરોજ નિયમિત **8**થી **10** ગ્લાસ પાણી પીઓ, હળવા, કોટનના અને લાંબી બાંયના કપડા પહેરવાથી શરીર સુરક્ષિત રહેશે.

---------------------------------------------------------------------------------

## એસ.ટી.ડેપોમાં છાસ વિતરણ

કચ્છમાં પડી રહેલા આકરા તાપથી એસ.ટીમાં મુસાફરી કરતા વર્ગને ગરમીમાં કોઇ શારીરીક તકલીફ ન થાય તેના માટે એસ.ટી. નિગમ દ્વારા ભુજ ડેપોમાં છાસ અને ઓઆરએસનું વિતરણ ચાલુ કરાયું છે. આ અંગેની વિગતો આપતા વિભાગીય નિયામક યોગેશભાઇ પટેલે

જણાવ્યું કે ડેપોમાં નિ:શુલ્ક છાશ અને આરોગ્ય શાખા દ્વારા ઓઆરએસનું વિતરણ કરવામા આવી રહ્યું છે. આ પ્રકારની વ્યવસ્થા કચ્છના બધા ડેપોમાં આઠ દિવસ સુધી ચાલુર ખવામાં આવી હતી. હાલમાં અંજાર, ભુજ ડેપોમાં આ વ્યવસ્થા ચાલુ રખાઇ છે.

------------------------------------------------------------------------------------------------